પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૯૪ • કુલ પાના : ૪ • તારીખ : ૦૮-૦૮-૨૦૨૨ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### આદિવાસીઓ માટે કેજરીવાલની છપ્પર ફાડકે જાહેરાત, એક નહિ અનેક વાયદા કર્યા

## તમે ભાજપને વોટ આપશો તો એ તમારા બાળકોને ઝેર પીવડાવશે, મને આપશો તો હું સ્કૂલ બનાવડાવીશ : કેજરીવાલ

વડોદરા,

આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના દિલ્હી પ્રવાસનો આજે બીજો દિવસ છે. તેઓ ગુજરાતની પ્રજામાં ધીરે ધીરે વિશ્વાસ પેદા કરી રહ્યાં છે. જેના માટે તેઓ દર અઠવાડિયે આવીને ગુજરાતની પ્રજાને વચન આપી રહ્યાં છે. ત્યારે તેમણે આજે બોડેલીમાં જંગી સભાને સંબોધી હતી. જ્યાં મંચ પરથી તેમણે ભાજપ કોંગ્રેસની મિલીભગતવાળી સરકાર પર શાબ્દિક પ્રહારો કર્યા હતા.



ભારત માતાના જયકાર બોલાવીને તેમણે સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે આદિવાસીઓ માટે જય જોહરના નારા લગાવ્યા હતા. તેના બાદ કહ્યુ હતું કે, ગુજરાતમાં નવી રાજનીતિ આવશે, નવી ક્રાંતિ આવશે. લઠ્ઠાકાંડ થયો એ અંગે તમે સાંભળ્યું કે ઘણાના મોત થયા, ઘણાને દાખલ કરવા પડ્યા. મને આ અંગે માલુમ થતા ભાવનગર હોસ્પિટલમાં મળવા પહોંચ્યો. ત્યાં જઈને દર્દીઓને પૂછ્યું કે, ખુલ્લેઆમ શરાબ મળે છે? તેમનો જવાબ હા હતો. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દર્દીઓને મળ્યા નહિ તેનું દુઃખ થયું. દરેક વસ્તુમાં વોટ ના જોવાય, માણસ થવું પડે. ભાજપ પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલ પણ કોઈને મળ્યા નહિ, એમને રાજ આપ્યું પણ ઘરમાં મોત થયું તો મળવામાં પણ ના આવ્યા. સુખમાં ના આવે પણ દુઃખમાં સાથ કે કામ આવવા જોઈએ.

મારો સવાલ છે કે, ગુજરાતમાં નશાબંધી છે તો હજારો કરોડો રૂપિયાનો દારૂ કોણ વેચે છે? તમે એમને વોટ આપશો તો નકલી દારૂ પીવડાવશે, તમારા બાળકોને ઝેર પીવડાવશે. મને વોટ આપશો તો સ્કૂલ બનાવડાવીશ. કોંગ્રેસ-બીજેપી વચ્ચે ઈલું ઈલું ચાલુ છે. હવે ઈમાનદારીની રાજનીતિ માટે આપ પાર્ટીની ઝાડુને વોટ આપજો. હું પણ આમ આદમી છું મને રાજનીતિ નથી આવડતી કામ કરતા આવડે છે. હું સંકલ્પ પત્ર કે ઘોષણા પત્ર, નહિ પણ હું ગેરેન્ટી આપવા આવ્યો છું.

કેજરીવાલે આજે આદિવાસી વિસ્તારમાં સભા સંબોધી હતી. ત્યારે આદિવાસી સમાજ માટે તેમણે કહ્યુ કે, આદિવાસી આદિવાસી સમાજ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. હું બાબા સાહેબે બનાવેલ પંર શિડયુલ લાગુ કરીશ. પૈસા એક્ટ લાગુ કરીશ. ગ્રામ સભાને સુપ્રીમ કરીશું, ટ્રાયબલ એડવાઈઝરી કમિટી બનાવીશું, આદિવાસીઓ માટેની સમસ્યા સમજવા સ્થાનિકને ચેરમેન બનાવીશું.

તેમણે ગુજરાતની જનતા માટે જાહેરાત કરતા કહ્યુ કે, મારુ કોઈ બેલેન્સ નથી, પાર્ટી પણ ફક્કડ છે. અમારી સરકાર આવશે તો ૩ મહિનામાં શૂન્ય બિલ કરીશું, જૂનું બિલ માફ કરવામાં આવશે. ગુજરાતમાં વારંવાર સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર ફૂટી જાય છે, આ લોકો સરકાર કેવી રીતે સાંભળી શકે? અમારી સરકારમાં બેરોજગારને રોજગાર ના મળે ત્યાં સુધી પ્રત્યેક બેરોજગારને પ્રતિ માસ રુપિયા ૩૦૦૦ જેટલું બેરોજગારી ભથ્થું મળશે. સ્થાનિક આગેવાનો સાથે બેઠક કરી ૧૦ લાખ સરકારી નોકરીઓની વાત કરી છે, આદિવાસીઓને હક્ક મળશે.

અરવિંદ કેજરીવાલે ચૂંટણી પહેલા આપી વધુ એક ગેરન્ટી આપી છે. આ વખતે તેમણે આદિવાસીઓને વચન આપ્યુ છે. આદિવાસીઓને બંધારણીય અધિકારોથી સન્માન અને અધિકાર આપવા કેજરીવાલે વાયદો કર્યો છે. વડોદરામાં અરવિંદ કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સ કરીને આદિવાસીઓને સન્માન અને અધિકારની ગેરન્ટી આપી છે.

અરવિંદ કેજરીવાલ ની પ્રેસ કોન્ફરન્સમાં કહ્યુ કે, આમ આદમી પાર્ટી ઈમાનદાર અને શરીફોની પાર્ટી છે. તે દેશભક્તોની પાર્ટી છે. અમને દંગા ફસાદ, લડાઈ કરતા નથી આવડતું. અમે મુદ્દાની વાત કરીએ છીએ. અત્યાર સુધી અમે ત્રણ ગેરંટી આપી છે. અમે બોગસ મેનિફેસ્ટો કે ઘોષણાપત્ર નથી આપતા. પંજાબમાં ૨૫ લાખ પરિવારોનું વીજળી બિલ ઝીરો આવ્યું છે. હજી ૨૬ લાખ મળી ૫૧ લાખ પરિવારોને વીજળીનું બિલ ઝીરો આવશે. ગુજરાતનો યુવાન બેરોજગાર છે, તેની પાસે નોકરી નથી. અમે આવીશું તો ૧૦ લાખ સરકારી નોકરી આપની સરકાર આપશે. ગુજરાતમાં પેપર વારંવાર લીક થાય છે. અમે પેપર લીકને લઈ કડક કાયદો બનાવીશું. પેપર ફોડનાર લોકો સામે કડકમાં કડક કાર્યવાહી કરીશું.તેમણે કહ્યુ કે, વેપારીઓને ગુજરાતમાં ડરાવવામાં આવી રહ્યાં છે. કેજરીવાલની બેઠકમાં ન જાવ તેવું કહીને તેમને ધમકાવાઈ રહ્યા છે. હું કોઈ આતંકવાદી નથી. વેપારીઓને અમે સન્માન આપીશું, રેડ રાજ ખતમ કરીશું. વેપારીઓ માટે વેટના પેન્ડિંગ રિફંડ ૬ મહિનામાં આપીશું. આદિવાસીઓનું ગુજરાતમાં શોષણ કરવામાં આવી રહ્યું છે. આદિવાસી સમાજને સંવિધાનના ૫ શિડયુલને લાગુ કરીશું. ગ્રામ સભાની મંજુરી વિના સરકાર એક્શન નહિ લઈ શકે.

## ગુજરાત રાજયમાં અનેક જીલ્લામાં મુર્તિ વિસર્જન દરમિયાન યુવકોના તણાઈ જવાની ઘટના બની

અમદાવાદ,

ગતરોજ રવિવારે દશામાના વ્રતની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. અને લોકોએ હોશભેર આખીરાત જાગરણ કરી માતાજીની આરાધના કરી હતી. અને વહેલી સવારે ઘરે પધરાવેલી માતાજીની મૂર્તિનું નજીકના નદી કે તળાવમાં વિસર્જન કરવા પણ ગયા હતા. પરંતુ આ વિસર્જનની પ્રક્રિયાએ લોકોના આનંદને માતમમાં ફેરવી નાખ્યો છે. ગુજરાત રાજયમાં અનેક જીલ્લામાં મુર્તિ વિસર્જન દરમિયાન યુવકોના તણાઈ જવાની ઘટના બની છે. જે ભારે દુખદાયક છે. રાજયના સાબરકાંઠા, ભરુચ અને પંચમહાલમાં મુર્તિ વિસર્જન દરમિયાન ગોઝારી ઘટના નોધાઈ છે.



પ્રાપ્ત વિગતો અનુસાર ભરૂચના અંકલેશ્વરની અમરાવતી નદીમાં દશામા મુર્તિ વિસર્જનની ઘટનામાં ૩ યુવકો તણાયા હતા. જેને પગલે આસપાસ લોકો નદી પાસે આવી પહોચ્યા હતા. જોકે એક યુવકનો આબાદ બચાવ કરવામાં આવ્યો છે. તો એક યુવકનો મૃતહેદ મળી આવ્યો છે. જોકે હજુ પણ એક યુવકની શોધખોળ હજી પણ ચાલું છે. દશામાની મૂર્તિના વિસર્જન દરમિયાન આ ઘટના બની હતી. ફાયર વિભાગ દ્વારા શોધખોળ શરૂ કરાઈ છે.


સાંબરકાંઠાના કડિયાદરા પાસેની ઘઉવા નદીમા દશામાની મૂર્તિ પધરાવવા જતા યુવાનનું ડૂબી જતા મોત થયું છે. પોલીસ અને ફાયર વિભાગને ઘટનાની જાણ થતા સ્થળ પર પહોંચ્યા હતા. ફાયર વિભાગ દ્વારા મૃતહેદને બહાર કાઢવામાં આવ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે ખસેડી કાર્યવાહી હાથ ધરી છે.

પંચમહાલના મોરવાહડફમાં દશામાંની મૂર્તિ વિસર્જન કરવા આવેલ યુવકનું તળાવમાં ડૂબી જવાથી મોત થયું.. જેથી ઉત્સવ મામતમાં ફેરવાયો હતો. ૪૦ વર્ષીય પંકજભાઈ ડાંગી પોતાના પરિવાર અને મિત્રો સાથે વહેલી સવારે મૂર્તિ વિસર્જન માટે આવ્યા હતા. પોલીસ દ્વારા યુવકની લાશને બહાર કાઢીને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.દશામાંની મૂર્તિ વિસર્જન માટે આવેલા યુવકના મોતથી ઉત્સવ માતમમાં ફેરવાયો હતો.

## ભાજપ ધનબળ દ્વારા લોકતંત્રને પોતાના ખિસ્સામાં રાખવા ઈચ્છે છે : મુખ્યમંત્રી હેમંત સોરેન

રાંચી,

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને ભાજપ પર ગંભીર આરોપ લગાવ્યો છે.તેમણે કહ્યું કે ભાજપ ધનબળ દ્વારા લોકતંત્રને પોતાના ખિસ્સામાં રાખવા ઈચ્છે છે.તે લોકતંત્રને ખરીદવા ઈચ્છે છે.મહારાષ્ટ્રથી લઈ ઝારખંડ સુધી તે ફકત સરકાર બનાવવા અને તોડવાના એકમાત્ર એજન્ડા પર કામ કરી રહી છે.તેમણે પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસના ત્રણ ધારાસભ્યોની ધરપકડ પર કહ્યું કે કાનુને પોતાનું કામ કર્યું છે.



તેમણે કહ્યું કે ઝારખંડની રાજનીતિનો પારો ખુબ ગરમ થઈ શકે છે પરંતુ અહીંના તવા પર રોટી બનાવવાની ક્ષમતા બધામાં નથી તેમણે કહ્યું કે રાજય અલગ મેટલનો બનેલ છે અહીં કોઈની દાળ ચઢે તેમ નથી ઈડીની કાર્યવાહીને લઈ સોરેનને કહ્યું કે જનતા માટે અભિયાન ચલાવનારાઓની સાથે આમ જ થતું રહે છે તેમણે કહ્યું કે ગુરૂજી (શિબુ સોરેન)ની સાથે પણ અનેક પ્રકારના જુલ્મ થયા છે પરંતુ તેમની લોકપ્રિયતા વધતી જ ગઈ છે તેમણે કહ્યું હતું કે તેઓ અને તેમના કાર્યકર્તા ભાજપના દરેક કાવતરાનો જવાબ આપશે. મુખ્યમંત્રીએ ઝારખંડ સરકાર તોડવાના આરોપ પર કહ્યું કે ભાજપ ચોક્કસ પણે એ વાતનો ઈન્કાર કરે છે પરંતુ ઝારખંડમાં જે ખેલ થઈ રહ્યો છે તેની પાછળ એજ છે.ગોવાબાટીથી જયારે મહારાષ્ટ્રમાં સરકાર તોડવાનો ખેલ ખેલાયો હતો તે સમયે પણ ભાજપે તેનો ઈન્કાર કર્યો હતો કે તે આ તમામ વસ્તુઓથી દુર છે.

સોરેને કહ્યું કે ભાજપ ફકત હિન્દુ મુસ્લિમ વિવાદ અને ભારત પાકિસ્તાન કરવામાં લાગી છે લોકોને તેનાથી કોઈ મતલબ નથી તેમણે કહ્યું હતું કે જનતા સૌથી મહત્વપૂર્ણ છે તેમની અદાલતમાં ન્યાય જરૂર મળશે. મુખ્યમંત્રીએ ગેરકાયદેસર મામલામાં ઈડીની કાર્યવાહી પર કહ્યું કે તેમના નજીકનાઓ પર કાર્યવાહી થઈ રહી છે પરંતુ ઈડીથી પણ ઉપર કોર્ટ છે.ઈડી પોતાના આપમાં કોર્ટ નથી કે સાચુ ખોટાનો નિર્ણય કરી લે તેમણે કહ્યું કે હવે એક નવી વસ્તુ જોવા મળી રહી છે કે એક રાજયની પોલીસ બીજા રાજયથી લડી રહી છે હકીકતમાં ઝારખંડ કેશકાંડ મામલામાં આસામ અને દિલ્હી તપાસ કરવા આવેલ પશ્ચિમ બંગાળની સીઆઈડીની ટીમને પોલીસે હિરાસતમાં લઈ લીધા હતાં.

## નીતિ આયોગની બેઠકમાં વડાપ્રધાન મોદીએ છત્તીસગઢના મુખ્યમંત્રી બઘેલના ભરપૂર વખાણ કર્યા

નવીદિલ્હી,

રાજધાની દિલ્હીમાં પીએમ મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ગર્વનિંગ કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. બેઠકમાં પીએમ મોદીએ છત્તીસગઢ સરકારના મોકળા મને વખાણ કર્યા હતા. છત્તીસગઢની કોંગ્રેસ સરકાર દ્વારા ચલાવાઈ રહેલી ગોધન ન્યાય યોજના અને ગાયના છાણમાંથી વર્મી કમ્પોસ્ટના ભરપૂર વખાણ કરતા પીએમ મોદીએ સીએમ ભુપેશ બઘેલના વખાણ કર્યા હતા. બેઠકમાં છત્તીસગઢના મુખ્યમંત્રી ભુપેશ બઘેલે તેમની જુની માગ દોહરાવી કે જીએસટી અમલીકરણને કારણે થયેલી આવક ખોટ માટે રાજ્યોને ચુકવવામાં આવેલા વળતરમાં ૫ વર્ષનું એકસટેન્શન આપવામાં આવે. છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે પણ નીતિ આયોગની ૭મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં ભાગ લીધો હતો. તેમણે અહીં પોતાની માંગ રજૂ કરતા કહ્યું કે, ૨૦,૦૦૦થી ઓછી વસ્તીવાળા શહેરો અને શહેરોની નજીક સ્થિત ગ્રામીણ વિસ્તારોમાં મનરેગા લાગુ કરવી જોઈએ. બેઠકમાં સીએમ બઘેલે બેઠકમાં જીએસટી વળતરનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. સીએમઓએ આ અંગે માહિતી આપી છે. મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે નીતિ આયોગની બેઠક દરમિયાન કોલસા સહિત મુખ્ય ખનીજો પર રોયલ્ટી રેટમાં સુધારો કરવાની વિનંતી કરી હતી અને કર્મચારીઓના હિતમાં ન્યૂ પેન્શન સ્કીમમાં જમા રકમ પરત કરવાની પણ માગણી કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની સાતમી બેઠકની અધ્યક્ષતા કરી હતી અને પાકની વિવિધતા, શહેરી વિકાસ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી)ના અમલીકરણ જેવા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. જુલાઈ ૨૦૧૯ પછી કાઉન્સિલની આ પહેલી બેઠક છે જેમાં તમામ સહભાગીઓ રૂબરૂ હાજર રહ્યા હતા. ગવર્નિંગ કાઉન્સિલ નીતિ આયોગની સર્વોચ્ચ સંસ્થા છે અને તેમાં રાજ્યોના મુખ્યમંત્રીઓ, કેન્દ્રશાસિત પ્રદેશોના લેફટનન્ટ ગવર્નર અને કેટલાક કેન્દ્રીય પ્રધાનોનો સમાવેશ થાય છે.

## પ્રથમ સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ રોકેટને લોન્ચ કરીને નવો ઈતિહાસ રચ્યો

શ્રીહરિકોટા,

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) રવિવારે શ્રીહરિકોટાથી તેના પ્રથમ સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (એસએસએલવી) રોકેટને લોન્ચ કરીને નવો ઈતિહાસ રચ્યો છે. વિશ્વસનીય, શક્તિશાળી રોકેટ પીએસએલવી અને જીએસએલવી (ધ્રુવીય સેટેલાઈટ અને જીઓસિંક્રોનસ લૉન્ચ વ્હીકલ) પછી પ્રથમ વખત એસએસએલવીનો ઉપગ્રહ મોકલવા માટે ઉપયોગ કરવામાં આવશે. આ મિશન માટે વૈજ્ઞાનિકો ઘણા અઠવાડિયાથી વ્યસ્ત હતા.

આ રોકેટ દ્વારા અમે નીચલી ભ્રમણકક્ષા (પૃથ્વીથી ૫૦૦ કિમી ઉપર) પર ખૂબ જ ઓછા સમયમાં અને ખર્ચમાં ૫૦૦ કિલોગ્રામ સુધીના ઉપગ્રહો મોકલી શકીશું. રવિવારના મિશનમાં આ મિશનમાં બે સેટેલાઈટ અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ-૦૨ અને આઝાદીસેટ મોકલવામાં આવી રહ્યા છે.

ઈસરોની આ ઐતિહાસિક સફળતાનો શ્રેય વિદ્યાર્થીઓની ટીમને પણ આપવામાં આવશે, જે રવિવારે તેનું પ્રથમ સ્મોલ સેટેલાઈટ લોંગ વ્હીકલ રોકેટ લોન્ચ કરવા જઈ રહ્યું છે. આ મિશનમાં ઈસરો અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ-૦૨ અને આઝાદીસેટ મોકલશે તે બે ઉપગ્રહોની તૈયારીમાં વૈજ્ઞાનિકોએ દિવસ-રાત એક કરી દીધા છે. આઝાદીના ૭૫માં વર્ષમાં વિદ્યાર્થીઓ દ્વારા વૈજ્ઞાનિકોની મદદથી આઝાદી સેટના ૭૫ સાધનો બનાવવામાં આવ્યા છે.

### માલધારીઓ આકરા પાણીએ

## OBC અનામતને હાથ લગાડશો તો ચૂંટણીમાં પરિણામ ભોગવવા તૈયાર રહેજો

અમદાવાદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માથે છે ત્યારે દરેક સમાજો શક્તિ પ્રદર્શન કરીને પોતાનું વર્ચસ્વ દેખાડી રહ્યા છે. ત્યારે અમદાવાદમાં માલધારી મહાપંચાયત દ્વારા મહામીટીંગ થઈ છે. આ મહાપંચાયતમાં સમાજના અગ્રણીઓ, ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, તાલુકા જીલા પંચાયતનાં સભ્યો, મ્યુનિ. કોર્પોરેટરો, સંતો-મહંતો, સમાજનાં વિવિધ સંગઠનોનાં પ્રમુખો, સામાજીક આગેવાનો અને માલધારી સમાજનાં લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા છે.



અમદાવાદમાં માલધારી મહાપંચાયત દ્વારા મહામીટીંગમાં માલધારીઓ ઓબીસી અનામત અંગે આકરા પાણીએ જોવા મળ્યા હતા. તેઓએ સરકાર પર સીધો પ્રહાર કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ઓબીસી અનામત આંદોલનને માલધારી મહાપંચાયત ટેકો આપે છે. પરંતુ હાલ OBC અનામત દૂર કરવા સરકાર ષડયંત્ર કરી રહી છે. પરંતુ જો ઓબીસી અનામતને હાથ લગાડશો તો ચૂંટણીમાં પરિણામ ભોગવવા તૈયાર રહેજો. માલધારી મહાપંચાયત દ્વારા ૧૦ ટકા નહીં પણ ૨૭ ટકા અનામત આપવામાં આવે તેવી માંગણી કરી છે.

આજે અમદાવાદમાં માલધારી સમાજની મહાપંચાયત મળી છે, ત્યારે મહાપંચાયતમાં સમાજના વિવિધિ કુરિવાજો દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. માલધારી સમાજમાં મધ્યમવર્ગના લોકો ના પીસાય તેના માટે પણ સુધારા કર્યા છે. જેમાં જન્મ, લગ્ન, મરણ સહિતના પ્રસંગમાં કેટલીક જૂની પરંપરાઓ દૂર કરવામાં આવી છે. જેના કારણે વિવિધ આર્થિક ખર્ચમાં ઘટાડો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

માલધારી રબારી સમાજમાં વર્ષો જુના આર્થિક નુકશાન કરતા અને ખોટો સમય વેડફાતા કુ-રિવાજો સદંતર બંધ કરવા, લગ્નો અને મરણોમાં તેમજ નાનાં-નાનાં પ્રસંગોમાં આર્થિક ખર્ચા બંધ કરવા તેમજ સમયનો યોગ્ય ઉપયોગ કરવો તેની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. માલધારી સમાજનાં નવા રિત-રિવાજો આ મહામીટીંગમાં જાહેર કરવામાં આવ્યા હતા. જેનું ગુજરાતનાં તમામ માલધારી સમાજે પાલન કરવા જણાવાયું છે.

સંગઠીત અને શિક્ષણમાં માલધારી સમાજ આગળ વધે તેમજ ગુજરાતનાં તમામ વર્ગ સાથે ધંધા રોજગારમાં પણ ખભેથી ખભા મિલાવીને આગળ વધે તેની પણ ચર્ચા કરવામાં આવી હતી. એટલું જ નહીં, સમુહલગ્નોમાં માલધારી સમાજ આગળ આવે, બ્લડ ડોનેશન કેમ્પો કરી પ્રજાજનોને ઉપયોગી થાય, મેડીકલ કેમ્પો કરી પ્રજાજનોને ઉપયોગી થવાય તેવા વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવી છે.

## ૫ કિલો રાશન પર ધન્યવાદની ઈચ્છા, જયારે ભ્રષ્ટ્ર ધનપશુ ૧૦ લાખ કરોડ લઈ ગયા : વરૂણ ગાંધી

નવીદિલ્હી,

પીલીભતથી ભાજપના સાંસદ વરૂણ ગાંધીએ એકવાર ફરી સરકાર પર પ્રહારો કર્યા છે.તેમણે દેશને હજારો કરોડોનો ચુના લગાવનારા ભ્રષ્ટ્રાચારીઓ અને વડાપ્રધાન મોદી દ્વારા વિરોધ પક્ષોને મફતની રેવડી વાળી ટીપ્પણી પર સખ્ત પ્રહારો કર્યા છે. તેમણે ટ્વીટ કરી પુરી વ્યવસ્થા પર ટીપ્પણી કરી છે. ટ્વીટમાં વરૂણ ગાંધીએ કહ્યું છે કે જે ગૃહ ગરીબને પાંચ કિલો રાશન આપવા પર ધન્યવાદની આકાંક્ષા રાખે છે એજ ગૃહ બતાવે છે કે પાંચ વર્ષોમાં ભ્રષ્ટ્ર ધનપશુઓનું ૧૦ લાખ કરોડ સુધીની લોન માફ થઈ છે.મફતની રેવડી લેનારાઓમાં મેહુલ ચોકસી અને ઋષિ અગ્રવાલનું નામ ટોપ પર છે.સરકારી ખજાના પર આખરે પહેલો અધિકાર કોનો.

### દેશમાં ૩ દિવસ સુધી ભારે વરસાદની આગાહી

## પશ્ચિમ અને મધ્ય ભારતમાં એલર્ટ, ઓડિશા-તેલંગાણામાં મુશ્કેલભરી સ્થિતિ ઉભી થશે

નવીદિલ્હી,

દેશના મોટાભાગના રાજ્યોમાં ચોમાસુ સક્રિય છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, પશ્ચિમ અને મધ્ય ભારતમાં ૭, ૮ અને ૯ ઓગસ્ટના રોજ ભારે વરસાદની શક્યતા છે. શનિવારે ઓડિશાના ખોરધામાં મુશળધાર વરસાદ બાદ રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. ભારે વરસાદના કારણે સ્થિતિ એવી બની હતી કે ઓડિશાના જતની અંડરપાસમાં ફસાયેલી સિટી બસ પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. જો કે બસમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.



મધ્યપ્રદેશમાં લાંબા વિરામ બાદ શનિવારથી વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થયો હતો. આ દરમિયાન વીજળી પડવાથી ૭ લોકોના મોત થયા હતા. જેમાંથી ગંજબાસોદામાં ૪ અને સતનામાં ૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. છેલ્લા બે દિવસમાં ભોપાલ-ઈન્દોરમાં ભારે વરસાદ પડ્યો હતો. ઈન્દોરમાં સૌથી વધુ ૪ ઈંચ વરસાદ પડ્યો હતો. ભોપાલમાં ભદભદા ડેમના દરવાજા ખોલીને પાણી છોડવામાં આવી રહ્યું છે. ગુના, રતલામ, સાગર, નરસિંહપુર, ઉજ્જૈન, માલાજખંડ, નૌગાંવ અને ખજુરાહોમાં પણ છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ થયો હતો. ઈન્દોરના રાજેન્દ્ર નગર વિસ્તારમાં ભારે પવન અને પાણી વચ્ચે ડિવાઈડર અને સ્ટ્રીટ લાઈટના પોલ પર એક ઝાડ પડી ગયું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજથી સમગ્ર એમપીમાં ચોમાસુ સિસ્ટમ ફરી સક્રિય થશે. ૭ ઓગસ્ટ સુધીમાં બંગાળની ખાડીમાં લો પ્રેશરનું ક્ષેત્ર બનશે. જેના કારણે ૮ ઓગસ્ટથી ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. ૧૯ થી ૨૫ ઓગસ્ટ સુધી ગ્વાલિયર-ચંબલ, બુંદેલખંડ, બઘેલખંડ, મહાકૌશલ અને નર્મદાપુરમમાં ઝરમર વરસાદ પડશે.

રાજસ્થાનમાં સતત ત્રીજા દિવસે પણ અનેક જિલ્લાઓમાં સારો વરસાદ થયો હતો. ભીલવાડા, ભરતપુર, અલવર જિલ્લામાં ૩ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. સૌથી વધુ વરસાદ ભીલવાડા જિલ્લામાં પડ્યો છે. બનાસ નદીમાં પાણીની આવક વધી, જેના કારણે બિસલપુર ડેમમાં જળસ્તર વધ્યુ હતુ. હવામાન કેન્દ્ર જયપુરે ૧૪ જિલ્લામાં વરસાદની ચેતવણી જારી કરી છે. આ જિલ્લાઓમાં આગામી ૪ દિવસ સુધી મધ્યમ વરસાદની સંભાવના છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના કાછોલામાં ૧૧૭ મીમી (૪.૫ ઈંચ) વરસાદ નોંધાયો છે. તેવી જ રીતે અલવરના સોડાવાસમાં પણ ૧૦૮ એમએમ વરસાદ નોંધાયો હતો. આ જિલ્લાઓ ઉપરાંત ભરતપુર, બાડમેર, બાંસવાડા, બુંદી, જયપુર, જેસલમેર, કરૌલી, રાજસમંદ, ઉદયપુર, ટોંક સહિતના અન્ય જિલ્લાઓમાં પણ સારો વરસાદ થયો છે.

છત્તીસગઢના ઘણા જિલ્લામાં શનિવારથી ભારે વરસાદ પડી રહ્યો છે. ખાસ કરીને હવામાન વિભાગે દક્ષિણ છત્તીસગઢના મોટાભાગના જિલ્લાઓમાં આગામી ૭૨ કલાકમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. જેમાં બીજાપુર જિલ્લામાં એકાદ બે જગ્યાએ ભારેથી અતિભારે વરસાદ સાથે વિજળી પડવાની શક્યતા છે. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં બીજાપુર જિલ્લા માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે બીજાપુર જિલ્લામાં એક કે બે સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે. રાજયના ૭ અન્ય જિલ્લાઓ, બસ્તર, દંતેવાડા, સુકમા, કોંડાગાંવ, નારાયણપુર, ધમતારી અને ગરિયાબંદ જિલ્લામાં પણ એક-બે સ્થળોએ ભારે વરસાદ અને વીજળી પડવા માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ફતેપુરા તાલુકા પંચાયતના ખાતામાંથી ચેક થી તાલુકાની જ એક મંડળી દ્વારા

# રૂા.૬૫.૧૫ લાખ બારોબાર ઉપાડવામાં આવ્યા હોવાનો ચોકાવનારો ધડાકો

- લાખો રૂપિયાનું કૌભાંડ આચારવાના ઈરાદાથી અને જવાબદારોને બચાવવાના આશયે ચેક ઉપર રવિવાર રજાના દિવસની તારીખ લખવામાં આવી છે.
- સરકારી ચેકમાં એડવાન્સ સહી કરવાનો નિયમ નથી અને એડવાન્સમાં સહી સિક્કા કર્યા હોય તો કયા કારણોસર?
- ચેક ગુમ થયો કે ચોરી થઈ હોય તો તેની બેંક કે પોલીસમાં જાણ કરવામાં આવી હતી કે નહીં ? ચેકની વિગત હિસાબી શાખામાં છે કે કેમ ? જેવા સળગતા સવાલો.
- લાખો રૂપિયાનું કૌભાંડ કરવાના ઈરાદાથી ચેકની રકમ ફતેપુરા તાલુકાના એક ગામની મંડળીના નામે ઉપાડવાનામાં આવી હોવાનો પણ ઘટસ્પોટ થયો.

દાહોદ,

દાહોદ જિલ્લામાં આવેલ ફતેપુરા તાલુકામાં સમયાંતરે લાખો–કરોડો રૂપિયાના કૌભાંડો આચારવામાં આવતા હોવા બાબતે ઘટસ્પોટ થતો રહેલ છે. જેમાં થોડા સમય અગાઉ N.R.G. શાખામાં લાખોનું કૌભાંડ આચારવામાં આવતા N.R.G. શાખાના ૧૦ જેટલા કર્મચારીઓને તગેડી મૂકવામાં આવ્યા હતા. જ્યારે હાલ ફતેપુરા તાલુકા પંચાયતના ખાતામાંથી લાખો રૂપિયા એક મંડળીના માધ્યમથી કૌભાંડ આચરવાના ઈરાદાથી ઉપાડી લેવાતા અને પાપનો ઘડો ફૂટતા તાલુકા કક્ષાના જવાબદારો સહિત તાલુકાની પ્રજામાં ચકચાર મચી જવા પામી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકા પંચાયતના ખાતામાંથી ચેક દ્વારા તાલુકાના એક ગામની મંડળી દ્વારા રૂપિયા ૬૫,૧૫,૫૪૭/– ઉપાડી લેવામાં આવ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ત્યારે ફતેપુરા તાલુકા પંચાયતના સ્ટાફ દ્વારા ફતેપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામા આવી હોવાનું જાણવા મળે છે. જો કે આ નાણાં ચેકથી ઉપાડવામાં આવ્યા છે અને ચેકમાં જે તારીખ લખવામાં આવેલ છે. તે પણ રવિવાર રજાના દિવસની હોવાની ચોકાવનારી વાત પણ સાંભળવા મળી રહી છે. તાલુકા પંચાયત કચેરી દ્વારા આપવામાં આવતા સરકારી નાણાંના ચેકમાં બે કે તેથી વધુ અધિકારીઓ ના સહી સિક્કા થાય છે. જો તાલુકા પંચાયતના જવાબદારો આ બાબતે કાંઈ જાણતા નહી હોય તો સિક્કા ક્યાંથી આવ્યા અને ચેકમાં સહી કોણે કરી ? અને આ ચેકની વિગત ફતેપુરા તાલુકા પંચાયતના હિસાબી શાખામાં છે કે કેમ ? અને તાલુકા પંચાયત કચેરીમાં વિગત હોય તો આ નાણાં કંઈ કામગીરી બાબતે ચુકવણુ કરવામાં આવ્યું ? માની લો કે આ ચેક ગુમ થયો હોય કે તેની ચોરી થઈ હોય તો તેની જાણ બેંક કે પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી છે કે કેમ ? અને આ ચેક ચોરી થયો હોય તો સહી સિક્કા ક્યાંથી આવ્યા ? બીજી બાજુ જોઈએ તો સરકારી ચેકમાં એડવાન્સ સહી કરવાનો નિયમ નથી. જો એડવાન્સમાં સહી સિક્કા કર્યા હોય તો તેવું કરવાની જવાબદારોને ફરજ કેમ પડી ? કે પછી આ ચેકમાં એડવાન્સમાં સહી સિક્કા કરી તારીખ અને રકમ ભરવાનું બાકી રાખવા પાછળનો ઈરાદો શું હોઈ શકે? ચેક ભરવાની કામગીરી હિસાબી શાખાની હોય છે. તો આ ચેક કોના અક્ષરોમાં ભરવામાં આવ્યો ? તે પણ એક તપાસનો વિષય છે. માની લો કે આ વ્યવસ્થિત કૌભાંડ છે, તો પણ ચેક બીજા પાસે કોના દ્વારા અને કેવી રીતે ગયો ?

અહીંયા જણાવવું જરૂરી છે કે, તાલુકા પંચાયતનો ચેક બેંકમાં નંખાય ત્યારે બેંક મેનેજરે આવા કિસ્સામાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા તે ચેક નંબર અને રકમ ભરીને લેનારના નામ સાથે જે તે ચેકના નાણા ચૂકવવાનો લેખિત હુકમ પણ લેવાનો હોય છે. જેને પેમેન્ટ ઓર્ડર કહેવાય છે. તો આ રૂપિયા ૬૫,૧૫,૫૪૭/– ના ચેક માટે તાલુકા પંચાયતના જવાબદારો દ્વારા બેંકને પેમેન્ટ ઓર્ડર આપવામાં આવ્યો છે કે કેમ ? તથા તાલુકા પંચાયતનો ચેક હોવાથી તે ચેકમાં ૬૫,૧૫,૫૪૭/– રકમ ભરીને તેના ઉપર અલગથી લાલ બોલપેનથી લખવું પડે કે રૂપિયા ૬૫,૧૫,૫૪૭/– થી વધુ નહીં. તો આ તમામ બાબતોની ચકાસણી કર્યા બાદ બેંક દ્વારા નાણા આપવામાં આવ્યા છે કે કેમ ? તેની પણ તપાસ જરૂરી છે. જો કે પેમેન્ટ ઓર્ડર ના હોય તો બેંક મેનેજર ચેક પાસ કરી શકતા નથી.તો આ ચેક પાસ કરાવવા પેમેન્ટ ઓર્ડર કોણે આપ્યો ? જેવા સળગતા સવાલો હાલમાં તાલુકામાં ટોપ ઓફ ધી ટાઉન બનવા પામેલ છે. તેમજ તપાસ દરમિયાન અનેક ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવવા ના અણસાર જણાઈ રહ્યા છે. આ કૌભાંડમાં કોઈ એક વ્યક્તિનું કામ નથી. આમાં કૌભાંડમાં અનેક લોકોની સંડોવણી જોવા મળી રહી છે. માટે જિલ્લા કલેક્ટર દ્વારા આ કૌભાંડની ખાસ તકેદારી રાખીને તપાસ કરે અને ગુનેગારોને કડકમાં કડક સજા થાય તેવું ગામના લોકોમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે.

## શિક્ષણનું સ્તર ઉંચુ લાવવાના પગલા ભરાશે...?

# દે.બારીયા તાલુકાના પ્રા.શિક્ષણ અધિકારી પોતાની ફરજમાં આવતું કાર્ય શાળાઓની મુલાકાત લેશે ખરા...?

દે.બારીયા,

દે.બારીયા તાલુકા મોડેલ તાલુકો દાહોદ જીલ્લામાં ઘોષીત છે. જેથી શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા માટે મોડેલ તાલુકા થી પહેલ શરૂ થાય તે હકીકત છે. જેથી જવાબદારી સૌએ પ્રથમ શિક્ષણ અધિકારીની આવે છે. તાલુકાની તમામ શાળાઓની આકસ્મીક મુલાકાત લેવાનો દ્રઢ સંકલ્પ કરવો પડશે અને સમય પત્રક તૈયાર કરવો પડશે અને કોઈપણ શાળાની મુલાકાત ૩–૦૦ કલાકના બાદ રાખવી કેમ કે અંદરના પ્રાથમિક શાળા શિક્ષકો ગુલેલબાજ હોય છે. અમુક તો એવા છે પણ ખબર પડતી નથી. તેનું મુખ્ય કારણ શાળાનું ફીંગર મશીન જાણી સમજીને બંધ કરી દેવામાં આવતું હોય છે. જે પહેલાના સમયે હિલચાલ રજીસ્ટ્રર જે કાર્ય હતા. તે હિલચાલ રજીસ્ટ્રરોને નિભાવવા માટેના આદેશ કરવા હિલચાલ રજીસ્ટ્રરમાંના કોલમમાં સમય કેટલા સમયના માટે ગયા છે. શાળાના કયા કાર્યના અર્થે ગયા છે અને સહીનો કોલમમાં સહી સાચી છે તેની ખરાઈ કરવી જેથી ફીંગર મશીન જાણી સમજી બંધ હાલતમાં મુકી શકાય છે અને ઉપર થી હિલચાલ રજીસ્ટ્રરનો નિભાવ પણ હોતો નથી. જેથી ગુલ્લેબાજી કરવી આસાન થઈ જાય છે. સહકર્મીઓ તો કશું બોલતા જ નથી કેમ કે વારા ફરતી બધા જ આ ગુલ્લી મારતા હોય છે. જેથી પદના અધિકારી સૌએ પ્રથમ ફીંગર મશીન બંધ હોય તે મશીન ચાલુ કરવાના આદેશો જારી કરવાના રહ્યા ત્યારબાદ હિલચાલ રજીસ્ટરનો અવશ્ય નિભાવવું તેની તાકીદે મીટીંગ ભરી ચાલુ કરવવા તો જ દરાહોદ જીલ્લાનું મોડેલ તાલુકાનું શિક્ષણનું સ્તર ઉંચુ આવશે.

અત્રે ઉલ્લેખનિય છે કે, તાલુકા ઓફિસનું કાર્ય કરવા માટે ચાલું કે ના શનિવાર નકકી કરેલો છે અને તેનો પરિપત્ર પણ અગાઉ થયેલો છે. અમુક ગુલ્લેબાજ શિક્ષકો તો શાળામાં આંટાફેરા મારતા હોય છે. તે શિક્ષકનું તમે પૂછો ના તો પણ તરત જ તેના વિશે કહી દેવામાં આવશે. મીટીંગમાં ગયા છે અથવા બેંકમાં ગયા છે શું ? તમને નથી લાગવું કે આ બહાના બાજી ચાલી રહી છે અને સરકારના પરિપત્રનું સરેઆ ઉલ્લંઘન થઈ રહ્યું છે. જેથી સરપ્રાઈઝ વિજીટનો સીલસીલો ચાલુ કરવામાં આવે તો જ બાળકોનું ભાવિ અને શિક્ષણનું સ્તર ઉંચુ લવાશે કે પછી સી.આર.સી.ના દ્વારા વ્યવહાર લઈ લેવામાં આવશે ? તે તો આવનારો સમય જ બતાવશે.

# દાહોદ જીલ્લામાં લમ્પી વાઈરલને લઈ ગૌશાળાની ૧૦૦૦ ગાયોનું રસીકરણ કરાયું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં લમ્પી વાઈરલના પગલે દાહોદ જિલ્લા પશુપાલન વિભાગ એક્શનમાં આવ્યું છે અને દાહોદ જિલ્લામાં ગૌ શાળાની કુલ ૧૦૦૦ જેટલી ગાયોને રસીકરણની કામગીરીનો આરંભ કરવામાં આવ્યો છે.

દાહોદ તાલુકાના નવાગામ ખાતે ૦૭ પશુઓમાં લમ્પી વાઈરલના લક્ષણોને પગલે દાહોદ જિલ્લા પશુપાલન વિભાગ સતર્ક બન્યું હતું. જિલ્લાના તમામ તાલુકાઓના ગામડે ગામડે જઈ હાલ પશુ પાલન વિભાગ પશુઓને રસીકરણ કરવાની કામગીરી હાથ ધરી રહી છે. લમ્પી લાઈરસ સામે સાવચેતીના ભાગરૂપે પશુપાલન વિભાગ દ્વારા પશુ પાલકોને માર્ગદર્શન સહિત સુચનાઓ પણ આપવામાં આવી રહી છે ત્યારે દાહોદ જિલ્લા પશુપાલન વિભાગ દ્વારા દાહોદ જિલ્લામાં આવેલ ગૌ શાળા ખાતે ટીમે સાવચેતીના પગલાં રૂપે ગૌ વંશને લમ્પી વાઈરસ સામે રક્ષણ મળી રહે તે માટે રસીકરણનો આરંભ કરવામાં આવ્યો છે. પશુ પાલન વિભાગ દ્વારા લમ્પી વાઈરસને લઈ પશુ પાલકોને અનેક સુચનો પણ કરવામાં આવી રહ્યાં છે. જેમાં પશુઓને ગંદકી ઉકરડા થી દુર રાખવા, જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો. જેથી માખી, મચ્છર અને ઈતરડીથી રાહત મળે જ્યારે પશુઓમાં લમ્પી વાઈરસના લક્ષણ જણાય તો સૌપ્રથમ સ્વસ્થ પશુઓથી અલગ કરવું અને ચરવા માટે છુટું મુકવું નહીં તેમજ નજીકના પશુદવાખાના અથવા હેલ્પ લાઇન નંબર ૧૯૬૨ નો સંપર્ક કરવો. રોગગ્રસ્ત પશુઓનું સ્થળાતંરણ સંપૂર્ણ બંધ કરવું, અન્ય જિલ્લાઓમાંથી પશુની હેરફેર ન કરવી. તેમજ વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. લમ્પી સ્કીન ડીસીસના મુખ્ય લક્ષણોમાં પશુઓના સંપૂર્ણ શરીર પર ગાંઠ જેવા નરમ ફોલ્લા પડવા, સામાન્ય તાવ આવવો, મોઢામાંથી લાળ પડવી, દુધ ઉત્પાદન ઘટી જવું, પશુનું ખાવાનું બંધ કરી દેવુ અથવા ખાવામાં તકલીફ પડે, ગાભણ પશુ તરવાઈ જાય અને ક્યારેક પશુ મૃત્યુ પામે છે. જેવા માર્ગદર્શન પણ દાહોદ જિલ્લા પશુ પાલન વિભાગ દ્વારા જિલ્લા પશુ પાલકોને આપવામાં આવી રહ્યું છે.

# રાજ્ય પોલીસ વિભાગે અલગ-અલગ જીલ્લાના 55 PI ની સામૂહિક બદલી કરી

દાહોદ,

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતભરમાં પોલીસ વિભાગમાં જુદા જુદા જિલ્લાઓમાં નોકરી કરતા બિન હથીયાર ધારી ૫૫ પોલીસ ઈન્સ્પેક્ટરોની સામુહિક બદલીનો ગંજીફો ચીપતા દાહોદ જિલ્લામાં જુદા જુદા વિભાગોમાં ફરજ બજાવતા બે પોલીસ ઈન્સ્પેક્ટરની બદલીઓ થવા પામી છે.

આગામી ત્રણથી ચાર મહિનામાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક હોઈ રાજ્ય સરકાર તેમજ ચૂંટણી પંચ પોતપોતાની રીતે ચૂંટણીઓની તૈયારીઓમાં જોતરાયુ છે. ચૂંટણી ટાણે પોલીસ વિભાગ તેમજ અન્ય વિભાગોમાં જેવા કે આઈ.પી.એસ, આઇ.એસ, મામલતદાર, એસડીએમ અધિકારીઓની બદલી પણ કરવામાં આવે છે. હાલ ચૂંટણીનો સમય નજીક હોઈ રાજ્ય સરકાર દ્વારા જાહેર હિતમાં ૫૫ જેટલા બિન હથિયારી પોલીસ ઈન્સ્પેકટર(પી. આઈ )ની બદલીઓનો ગંજીફો ચીપ્યો છે. ત્યારે દાહોદ જિલ્લામાં લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) શાખામાં ફરજ બજાવતા બી.ડી.શાહની બદલી સુરત ગ્રામ્યમાં કરવામાં આવી છે. તેમજ એમ. કે ચૌધરીની બદલી પાટણ ખાતે કરવામાં આવી છે. જેના પગલે રાજી વાપી પોલીસ ઈન્સ્પેક્ટરની બદલીઓનાં આ દૌરમાં દાહોદ જિલ્લામાં લાંબા સમયથી ફરજ બજાવતા બે પોલીસ ઈન્સ્પેકટરોની બદલીઓ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદ એલસીબીમાં ફરજ બજાવી રહેલા પી.આઈ. બી.ડી.શાહ નવેમ્બર ૨૦૧૯ માં દાહોદ જિલ્લામાં પોસ્ટિંગ થઈને આવ્યા હતા. જે બાદ તેઓ લીમખેડા ખાતે ફરજ બજાવ્યા બાદ જાન્યુઆરી ૨૦૨૦ માં LCB માં પી.આઈ તરીકે પદભાર સંભાળ્યો હતો. તેમના કાર્યકાળમાં સૌથી વધારે રેકોર્ડબ્રેક ગુનાઓનું ડિટેક્શન થયા હતા. જેમાં પીપલોદ ખાતેની ચકચારી ધાડ, ઝાલોદ હાઈ પ્રોફાઈલ હિરેન પટેલ મર્ડર કેસ, આંધ્ર પ્રદેશમાં થયેલી ઘરફોડ ધાડમાં કુનેહપૂર્વક આરોપીઓની ઓળખ કરી ગણતરીના કલાકોમાં આરોપીઓને ઝડપી જેલ ભેગા કરતા આંધ્રપ્રદેશ પોલીસ દ્વારા ૧ લાખ રૂપિયાનું ઈનામ થી દાહોદ એલસીબીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે સાથે તેમના કાર્યકાળ દરમિયાન ધાડ, લૂંટ,મર્ડર, છેતરપિંડી, ઘરફોડ ચોરી જેવા સંખ્યાબંધ કેસોનો ભેદ ઉકેલી આરોપીઓને પાંજરે પુરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે.

# ગરબાડા સહીત જીલ્લા પંચાયત હસ્તક તમામ તાલુકાના આરોગ્ય કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરશે


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

દાહોદ જીલ્લાના ગરબાડા સહીત તમામ તાલુકાના આરોગ્ય કર્મીઓ જે સોમવર થી ગુજરાત રાજ્ય આરોગ્ય મહા સંઘના આદેશ અનુસાર કર્મચારીઓની ૨૮૦૦ ગ્રેડ પેની માંગણીઓને લઈ તા.૮ ઓગષ્ટ સોમવાર થી અચોક્સ મુદતની હડતાલ પર ઉતરશે. જેને લઈને જીલ્લાના તમામ તાલુકાના આરોગ્ય કર્મચારીઓએ પોત પોતાના તાલુકા આરોગ્ય અધિકારીને આવેદન પત્ર આપવામાં આવ્યાં અને આજે ગરબાડા તાલુકામાં પણ આરોગ્ય કર્મચારીઓએ તાલુકા આરોગ્ય અધિકારી અશોક ડાભીને આવેદનપત્ર આપવામાં આવ્યું. જેમાં જીલ્લા પંચાયત હસ્તના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા એમ.પી.એસ. ડબ્લ્યુ, ફિમેલ હેલ્થ વર્કર, તાલુકા સુપર વાઈઝર, PHC મેલ સુપર વાઈઝર તેમજ ફિમેલ સુપર વાઈઝર તેમજ જીલ્લા સુપર વાઈઝર સહીત જીલ્લાના ૯૦૦ થી વધારે આરોગ્ય કર્મચારીઓ અચોકસ મુદતની હડતાલમાં જોડાયા.

# ગરબાડા તાલુકામાં દશામાતાની પ્રતિમાઓનું ઉત્સાહભેર ધામધૂમ પૂર્વક વિસર્જન કરાયું



ગરબાડા,

ગરબાડા તાલુકામાં દશામાતાની વ્રતને લઈને તાલુકામાં વિવિધ વિસ્તારોમાં દશા માતાની પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવી હતી અને દસ દિવસ સુધી માતાજીની પૂજા આરાધના તેમજ અખંડ ઉપવાસ કરવામાં આવ્યા હતા અને તારીખ સાતના વહેલી સવારે દશા માતાના દસ દિવસ પૂર્ણ થતા દશા માતાની પ્રતિમાઓ વાજતે ગાજતે ઢોલ નગારા અને જય દશામાના નારા સાથે ગામના વિવિધ વિસ્તારોમાં આવેલ તળાવોમાં માતાજીની પ્રતિમાઓની આસ્થા સાથે આરતી કરી પ્રસાદ વહેંચી અને દશા પ્રતિમાનું તળાવની અંદર વિસર્જન કર્યું હતું.

# દાહોદમાં આદિવાસી અને તાજીયાના જુલુસને લઈ બન્ને સમાજના આગેવાનો સાથે પોલીસ દ્વારા મિટીંગનું આયોજન કર્યું

દાહોદ,

એકજ દિવસે યોજાનારા મોહરમ તાજીયા ના જુલુસ અને વિશ્વ આદિવાસી રેલીને લઈને આગેવાનો જોડે વહીવટી તંત્ર અને પોલીસ અધિકારીઓની બેઠક ૯ ઓગસ્ટ ના દિવસે મુસ્લિમ સમાજના તાજીયાનું જુલુસ અને વિશ્વ આદિવાસી દિવસની રેલીના આયોજનને લઈને શાંતી પૂર્ણ માહોલ માં પરંપરા ઓની ઉજવણી થાય તે માટેના વહીવટી તંત્ર અને પોલીસ તંત્રના પ્રયાસો થકી બન્ને સમાજના આગેવાનો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ૯ ઓગસ્ટ સવારના સમયે વિશ્વ આદિવાસી સમાજની રેલી કોલેજ થી અને ગોધરા રોડથી નીકળી બીરસા મુન્ડા સર્કલ ઉપર ભેગા થઈ અને નગરપાલિકા થઈ જૂની કોર્ટ રોડ થઈને સીટી ગ્રાઉન્ડ ખાતે પૂર્ણાહુતી કરવામાં આવશે. જેવું આદિવાસી સમાજના આગેવાનો દ્વારા જણાવાયું હતું. ત્યારે મુસ્લિમ સમાજના મોહરમના તાજીયાનું જુલુસ સાત વાગ્યાં પછી નક્કી કરાયેલા રૂટો ઉપર ફરશે અને ત્યારબાદ ઘરે તાજીયા મૂકી બીજા દિવસે મુવાલિયા તળાવ ખાતે તાજીયાઓનું વિસર્જન કરવામાં આવશે તેવું મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા જણાવવામાં આવ્યું હતું. જયારે વહીવટી તંત્ર અને પોલીસ તંત્રને બન્ને સમાજના આગેવાનો દ્વારા શાંતી પૂર્ણ માહોલમાં બન્ને સમાજના તહેવારોની પરંપરા મુજબ ઉજવણી થશે તેવી બાંહેધરી અપાઈ હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ વિશ્વ આદિવાસી દિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં દાહોદનાં ઝાલોદ ખાતે સહભાગી થશે

દાહોદ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ આગામી તા. ૯ ઓગસ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં દાહોદનાં ઝાલોદ ખાતે સહભાગી થશે. આદિવાસી બંધુઓના સર્વાંગી વિકાસ અને કલ્યાણ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે ત્યારે મુખ્યમંત્રી રૂ.૧૦૦૦ કરોડથી વધુ રકમના લોકાર્પણ અને ખાતમુહૂર્ત આ અવસરે કરશે.

વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે રાજ્યના ૨૭ સ્થળોએ કાર્યક્રમ યોજાશે ત્યારે દાહોદનાં ઝાલોદ ખાતેના રાજ્યકક્ષાના કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઇ પટેલ અને સાંસદ જસવંતસિંહ ભાભોરની પ્રેરકઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે.

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આયોજીત કાર્યક્રમમાં રૂ. ૧૦૦૦ કરોડથી વધુના લોકાર્પણ અને ખાતમુહૂર્ત મુખ્યમંત્રી કરવાના છે. જેમાં વ્યક્તિલક્ષી લાભની વિગત જોઈએ તો ૭૫૦૦ આવાસો માટે રૂ. ૯૦ કરોડના ચેકનું વિતરણ કરાશે. વન અધિકાર અધિનિયમ અંતર્ગત ૧૧૦૦૦ અધિકારપત્રોનું વિતરણ કરાશે. સિકલ સેલના ૬૦૦૦ દર્દીઓને રૂ. ૩.૬ કરોડની સહાયનું વિતરણ કરાશે. તેમજ ૧૨ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ તથા શિષ્યવૃત્તિની રૂ. ૧૬૦ કરોડની સહાયનું વિતરણ કરાશે. તદ્દઉપરાંત ૨૫૦૦ લોકોને દૂધાળા પશુઓના લાભ અને ૨૦૦૦ ખેડૂતોને ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓના લાભ અપાશે. ઝાલોદના સાયન્સ કોલેજના બાજુમાં મેલાણીયા ખાતે સવારે ૧૦.૩૦ કલાકથી આ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

# દાહોદના લઘુમતી યુવક હિન્દુ સગીરાને લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરમાં એક લઘુમતિ કોમના યુવક દ્વારા એક હિન્દુ સગીરાને લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

દાહોદ શહેરમાં મારવાડી ચાલી ખાતે રહેતો અકરમ આરીફ પઠાણે દાહોદ શહેરમાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે દાહોદ શહેર પોલીસ મથકે સગીરાના વાલી વારસ દ્વારા ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



નવાનગર કલસ્ટરમા સમાવિષ્ઠ પ્રાથમિક શાળાઓમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી નવાનગર કલસ્ટરના સી.આર.સી.કો. ઓર્ડિનેટર પિત્તરભાઈ ગામીતના આયોજનપણા હેઠળ કરવામાં આવી હતી. જેમાં ભારતમાતાનુ પુજન તથા સ્વાતંત્ર્ય સેનાનીન સન્માન અને લશ્કરમા ફરજ બજાવતા જવાનોના પરિવારનુ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં બાટણપુરા પ્રા.શાળામાં અભ્યાસ કરી ચુકેલા મેહુલભાઈ ઝીથરાભાઈ પરમાર જેઓ સી.આઈ.એસ.એફ. રાજસ્થાન જયપુર ખાતે ફરજ બજાવે છે અને અજયભાઈ સેનાભાઈ ભુરા જેઓનુ હાલની પોલીસ ભરતીમાં સીલેકશન થયેલ છે. તેઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

# નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા એક દિવસીય શૈક્ષણીક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું



દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના પ્રાણીશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૦૫/૦૮/૨૦૨૨ ના રોજ મત્સ્ય સંવર્ધન કેન્દ્ર, લિંગડા આણંદ ખાતે અભ્યાસીય મુલાકાત ગોઠવવા માં આવી હતી. જેમાં ૩૫ વિદ્યાર્થીઓ અને ૫ સ્ટાફ સભ્યો જોડાયા હતા. આ મુલાકાત દરમ્યાન આણંદ ફિશરીશ ડિપાર્ટમેન્ટ ના મદદનીશ નિયામક શાખરેલીચા ઉપસ્થિતિ રહી વિદ્યાર્થીઓને ઈંડિયન મેજર કાર્પકટલા, રોહુ, મ્રિગલ અને ગ્રાસ કાર્પ જેવી માછલીઓની સંવર્ધનની વિવિધ પદ્ધતિઓની માહિતી આપી હતી. તેમજ ઝૂલોજીના વિદ્યાર્થીઓ માટે ફિશરીશમાં રહેલી વિવિધ તકો અને યોજનાઓ વિશે પણ જાણકારી આપી હતી.

આ શૈક્ષણીક પ્રવાસનું સંચાલન ઝૂલોજીના અદ્યાપકો ડૉ. દિગ્વિજયસિંહ રાણા, અંકિત ચૌહાણ, સુષ્મા રાવત, ધીરજ પરમાર અને મનીષાબેન નાગર દ્વારા કરવામાં આવ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.294

# ગોધરામાં દશામાંના વ્રત પુરા થતાં ભકિતભાવ સાથે સ્થાપિત મૂર્તિ રામસાગરમાં વિર્સજીત કરાઈ





ગોધરા,

છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીના કારણે જાહેર તળાવોમાં મૂર્તિ વિસર્જન કરવા માટે રોક લગાવી હતી, પરંતુ આ વખતે સરકારી નિયમોમાં ફેરફાર કરીને કોઈ બાંધી નહીં હોવાના કારણે આ વર્ષે ગોધરા શહેરમાં અષાઢી અમાસના દિવસે શરૂ થયેલા દશામાંના વ્રતને લઈ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને દસ દિવસ સુધી બહેનો દશામાંના વ્રત નકોરડો ઉપવાસ કરી દશામાંની આરાધના અને પૂજા પાઠ કરે છે. ત્યારે દસ-દસ દિવસ સુધી આતિથ્ય માનનાર દશામાંના વ્રતના આજે દસ દિવસ પૂર્ણ થતાં ગોધરા શહેરમાં દશામાંની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, અને ડીજે અને ઢોલ નગારા સથવારે દશામાંનો વરઘોડા નીકળવામાં આવ્યો હતો. આખા નગરમાં દશામાંના જયઘોષ સાથે ગૂંજી ઉઠયું હતું, અને આખું શહેર ભકિતમય વાતાવરણમાં તરબોળ બન્યું હતું અને ભાવ ભક્તિથી દશામાંની મૂર્તિનું રામસાગર તળવામાં વિસર્જન કરાયું હતું.

ગોધરા શહેરમાં ભક્તનો જનસેલાબ, છૂટછાટ મળતા ભક્તોની ભીડ જોવા મળી સરકાર દ્વારા કોરોના મહામારી દરમિયાન બે વર્ષ સુધી માતાજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવતું ન હતું. પરંતુ આ

## મોડી રાત્રીએ દશામાંના વ્રત પુરા થતાં ભવ્ય શોભાયાત્રાઓ નિકળી

વખતે સરકાર તરફથી નિયમો હળવા કરવામાં આવતા આજરોજ ગોધરા શહેરના ભૂરાવાવ ચારરસ્તા ખાડી ફળિયા પાવર હાઉસ, વાલ્મીકીવાસ, તીરઘરવાસ, ડબગર વાસ, રાણા સોસાયટી, વગેરે વિસ્તારમાંથી માતાજીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. જેના કારણે આનંદ અને ઉલ્લાસથી દશામાંની મૂર્તિ વિસર્જન રામસાગર તળવામાં કરવામાં આવી હતી.

એક બહેન દશામાંની બે ફૂટ ની મૂર્તિ લઈ નાચતા જોવા મળતા આકર્ષણનું કેન્દ્ર બન્યા આજરોજ ગોધરા શહેરના રામસાગર તળાવ પાસે આવેલ બાવાની મઢી આગળ દશામાં ના વિસર્જન ટાણે હજારો ભક્તો માતાજીની મૂર્તિ ને લઈને વિસર્જન કરવા માટે નીકળ્યા હતા ત્યારે હજારો ભક્તો દશામાં ની મૂર્તિ ને ઢોલ નગારા અને ડીજે ના સથવારે નાચતા ગાતા નીકળ્યા હતા ત્યારે એક બહેન દશામાં ની બે ફૂટ ની મૂર્તિ ને બાજઠ ના સહારે માથા ઉપર મૂકી નાચતા જોવા મળ્યા હતા જેના કારણે હજારો શ્રદ્ધાળુઓ દશામાં ની મૂર્તિને લઈ નાચી રહેલા બહેન દરેક લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આમ શહેરમાં દસ દિવસ સુધી આતિથ્ય માનનાર દશામાં ના મૂર્તિ વિસર્જન વખતે હજારો ભાવિકો ભાવ વિભોર બની માતાજીની મૂર્તિ નું વિસર્જન કરવામાં આવ્યું હતું.

મુખ્ય માર્ગો ઉપર સેવાકીય સંસ્થાઓ દ્વારા શરબત, ફરાળી, દૂધ જેવા પીણાંનું વિતરણ કરાયું ગોધરા શહેરના બાવાની મઢી થી રામસાગર તળાવ સુધી વિવિધ મંડળો દ્વારા માતાજીના શોભાયાત્રા ના મુખ્ય માર્ગો પર દશામાં ની મૂર્તિ નું વિસર્જન કરવા માટે આવેલા ભક્તોને શરબત ફરાળી ચેવડો અને દૂધ જેવા પીણાં નું વિતરણ કરાયું હતું.

### બે વર્ષ બાદ રામ સાગર તળાવમાં દશામાંની મૂર્તિનું વિસર્જન કરવામાં આવતા ભક્તો ભાવવિભોર બની ગયા

શ્રદ્ધાળુઓ બે વર્ષ પહેલા સમગ્ર દેશમાં અને ગુજરાતમાં કોરોનાના કહેર એ હચમચાવી દીધા હતા અને તેના કારણે સરકાર દ્વારા મંદિરો અને ધાર્મિક સ્થળોમાં જાહેર મેળાવડા વગેરે જગ્યાએ રોક લગાવી દીધી હતી, પરંતુ હાલ સરકાર દ્વારા નિયમો હળવા કરી દેવામાં આવતા આજરોજ ગોધરામાં દસ-દસ દિવસ સુધી આતિથ્ય માનનાર દશામાંને ધામધૂમથી વિસર્જન કરવામાં આવ્યું હતું. જેનાથી ભક્તોમાં આનંદ ઉલ્લાસ સાથે અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. જેના કારણે શ્રદ્ધાળુઓ ભાવવિભોર બની ગયા હતા.

## પંચમહાલ-મહિસાગરના ભાદર નહેર અને પાનમ વર્તુળના બે કામદારોને સળંગ નોકરી ઉપર હાજર કરવા હાઈકોર્ટનો હુકમ

ગોધરા,

ગુજરાત સરકારના તાબા હેઠળની કચેરી ભાદર નહેર વિતરણ તથા પાનમ યોજના વર્તુળના બે કામદારોને સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્રના લાભો આપવા અને સળંગ નોકરીથી ફરજ ઉપર હાજર કરવાનો ગુજરાત હાઈકોર્ટ નો આખરી આદેશ થતાં સિંચાઈ વિભાગના કામદારોમાં આનંદ ભયો.

ગુજરાત સરકારના તાબા હેઠળ ચાલતી પંચમહાલ અને મહિસાગર જિલ્લાની ભાદર નહેર વિતરણ વિભાગમાં ૧૯૮૦ થી રોજમદાર મજૂર તરીકે ફરજ બજાવતા ભગવાનભાઈ મોતીભાઈ બામણીયાને કોઈ પણ જાતના વ્યાજબી કારણો સિવાય સંસ્થાએ ૧૯૯૮ વર્ષમાં નોકરીમાંથી ગેરકાયદે છૂટા કરેલ તેમજ પાનમ યોજના વર્તુળના પાનમ ડેમ ખાતે રાયસીંગભાઈ ભગાભાઈ ૧૯૮૦ માં રોજમદાર તરીકેની ફરજમાં હાજર થયા હતા અને તેઓને પણ સંસ્થાએ કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય ૧૯૯૯ ના વર્ષમાં ગેરકાયદેસર છૂટા કરી દેતા બંને કામદારોએ ન્યાય મેળવવા ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ ભોઈનો સંપર્ક કરતા ફેડરેશન દ્વારા બંને કામદારોને થયેલા અન્યાય બાબતે સામા વાળા વિરૂદ્ધ મજુર કાયદાની કલમ ૧૦(૧), હેઠળ પડેલા દિવસોના પૂરેપૂરા પગાર સહિત અરજદારોને તેમની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો વિવાદ મજૂર અદાલત ગોધરા ખાતે દાખલ કરેલ જે વિવાદ ચાલી જતા નામદાર મજૂર અદાલત સમક્ષ ફેડરેશનના એડવોકેટ સીતેશ એ.ભોઈ તથા વૈભવ આઈ. ભોઈ કેસમાં હાજર રહી સંયુક્ત દલીલો કરતા તે બંને કામદારોને પડેલા દિવસોનો પગાર અને નોકરીમાં પુનઃ સ્થાપિત કરવાના બદલે ઉચ્ચક વળતર પેટે ભગવાન બામણીયાને ભગવાન મોતી બામણીયાને રૂપિયા બે લાખ પાંચ હજાર તથા ભગાભાઈ રાસીંગભાઈ બારીયાને રૂપિયા ૫૫ હજાર રૂપિયા આપવાનો હુકમ કરવામાં આવે પરંતુ બંને કામદારો મજૂર અદાલતના થયેલા હુકમથી નારાજ થઈ ગુજરાત સ્ટેટ લેબલ ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ સી એ નંબર ૬૪૩૩/૧૯ તથા ૧૬૬૧૨/૨૦ થી દાખલ કરે જે કેસ ચાલી જતા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કેસમાં પડેલા પુરાવા આધારિત મજુર અદાલત ગોધરાનો થયેલો હુકમ મોડીફાઈ કર્યાની એ હુકમમાં ફેરફાર કરી બંને કામદારોને તેમની સળંગ નોકરી ગણી ફરજ ઉપર હાજર કરવાનો આખરી આદેશ કરેલ છે તેમજ સરકારના મળવાપાત્ર ૧૭/૧૦/૮૮ લાભો આપવાનો હક ઉભો રાખી આદેશની કરતા કામદારોને વર્ષો બાદ નવું જીવત દાન મળેલ છે. આ હુકમથી સિંચાઈ વિભાગના કામદારોમાં અને અરજદારોના પરિવારમાં આનંદ છવાયો છે.

## ગોધરા વિશ્વકર્મા મંદિરમાં રમતા અઢી વર્ષના બાળકને અજાણી મહિલા દ્વારા ઉપાડી જવાનો નિષ્ફળ પ્રયાસ

- બાળક ઉઠાવી જવાના પ્રયાસ કરતી મહિલાએ બાળકની માતાને મારવા લાગી.
- અજાણી મહિલાને પોલીસને સોંપવામાં આવી.

ગોધરા,

ગોધરા શહેર વિશ્વકર્મા મંદિર પાસે મંદિરમાં રમતા અઢી વર્ષના બાળકને અજાણી મહિલાએ મંદિરનો દરવાજો ખોલી મંદિરમાં પ્રવેશ કરી બાળકને ઉઠાવી જવાનો પ્રયાસ કર્યો હતો. બાળકની માતા આવી બાળકને બચાવવાની કોશીષ કરતાં મહિલાએ બાળકની માતાને મારવા લાગી હતી. આસપાસ લોકો દોડી આવી મહિલાને ઝડપી પાડી પોલીસને જાણ કરતાં પોલીસે અજાણી મહિલાને ઝડપીને વધારે તપાસ હાથ ધરી છે.



ગોધરા શહેરના ભરચક વિસ્તાર ગણાતા વિશ્વકર્મા મંદિરના ગેટની અંદરના ભાગે અઢી વર્ષનું બાળક રમી રહ્યું હતું. ત્યારે અજાણી મહિલાએ મંદિરના ગેટનો દરવાજો ખોલીને મંદિરમાં પ્રવેશી હતી અને મંદિરમાં રમતા અઢી વર્ષના બાળક મીત દિનેશભાઈ ત્રિવેદીને અજાણી મહિલાએ પોતાના ખોળામાં બેસાડીને લઈ જવાની કોશીષ કરી હતી. એટલામાં બાળકની માતા આવી પોતાના બાળકને અજાણી મહિલા પાસેથી છોડાવવાની કોશીષ કરી રહ્યા હતા. જેને લઈ બુમાબુમ કરતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને આ બાબતે પોલીસને જાણ કરતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને અજાણી મહિલા પોલીસ મથકે લઈ જવામાં આવી હતી. ત્યારે બાળકના પિતા અને પરિવારજનો એ ડીવીઝન પોલીસ મથકે પહોંચીને અજાણી મહિલા સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી પોલીસે ઝડપી પાડી પાડી પોલીસ મથકે લાવવામાં આવેલ અજાણી મહિલા પ્રાથમિક તપાસમાં મગજની અસ્થિરતા જણાઈ છે અને વધુ પુછપરછ હાથ ધરવામાં આવી છે.

## હાલોલ વલ્લભ એપાર્ટમેન્ટના ધાબા ઉપર જુગાર રમતા ૭ જુગારીયાને પોલીસે ઝડપ્યા



હાલોલ,

હાલોલ વલ્લભ એપાર્ટમેન્ટના ખુલ્લા ધાબા ઉપર કેટલાક ઈસમો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૭ ઈસમોને ૪૩,૮૨૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ વલ્લભ એપાર્ટમેન્ટના ખુલ્લા ધાબા ઉપર કેટલાક ઈસમો પાના-પત્તા થી જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન અશોક અમૃતલાલ ઠક્કર, શાંતિલાલ અંબાલાલ પરમાર, સોનુકુમાર લાખનસિંહ રાજપૂત, મિતેશ રમણભાઈ પટેલ, ધ્રુવ પરેશભાઈ પટેલ, નીતીનભાઈ ગણપતભાઈ પરમર, નિરવભાઈ મહેન્દ્રભાઈ પંચાલને ઝડપી પાડવામાં આવ્યા હતા અને ઝડપાયેલ ઈસમોની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ કુલ ૪૩,૭૮૨૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડી હાલોલ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા સ્વચ્છતાં અભિયાન તેમજ વૃક્ષોરોપણ હર ઘર તિરંગા કાર્યક્રમો યોજાશે



ગોધરા,

ભારત સરકારના યુવા કાર્ય અને ખેલકૂદ મંત્રાલય અંતર્ગત નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા આજરોજ સ્વચ્છ પખવાડીયા તેમજ હર ઘર તિરંગા કાર્યક્રમ યોજવામાં આવ્યો. રાષ્ટ્રીય યુવા કર્મી તેમજ પંચમહાલ જિલ્લાના વિવિધ મંડળો સહિત ૧ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ સુધી સમગ્ર જિલ્લામાં સરકારી વિભાગ તેમજ ગ્રામ પંચાયત સંસ્થાઓના સહયોગ થી સ્વચ્છતા અભિયાન તેમજ હર ઘર તિરંગા કાર્યક્રમ ચાલવામાં આવશે. જેમાં મુખતેવ દરેક તાલુકાના જાહેર જગ્યાએ સફાઈ તેમજ આરોગ્ય વિભાગ, મેદાન, શાળા વગેરે જગ્યાએ સફાઈ કરવામાં આવશે. ભારત સરકાર દ્વારા હર ઘર તિરંગા કાર્યક્રમ પ્રચાર પસાર કરવામાં આવશે. તેમજ વૃક્ષોરોપણ તેમજ પ્રતિજ્ઞા ગામે ગામ કરવા માટે જિલ્લા યુવા અધિકારી વિઠ્ઠલ ચોરમલે યુવાનો તેમજ મંડળને અનુરોધ કર્યો. વડાપ્રધાને સ્વચ્છ ભારત તેમજ હર ઘર તિરંગા કાર્યક્રમ છેવડાં માનવી સુધી પહોંચે અને સાચા અર્થમાં સપનું સાકાર થાય અને યુવાનો તેમજ નાગરિકોમાં દેશ ભક્તિ ભાવના પેદા થાય બનતા તમામ પ્રયાસો કરવા માટે યુવાનો પ્રોત્સાહિત કર્યો હતા.

## ગોધરા-વડોદરા હાઈવે વેજલપુર ખેડા ફળીયા પાસે ગટરો ઉભરાતા પાણી રોડ ઉપર રેલાયું



ગોધરા,

ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર આવેલ વેજલપુર ગામના ખેડા ફળીયા વિસ્તારના હાઈવે રોડની બન્ને સાઈડ એલ એન્ડ ટી દ્વારા ગટર લાઈન બનાવવામાં આવેલ છે. ત્યારે ગટર લાઈનની બન્ને સાઈડ પાણીનો નિકાલ ન હોવાના કારણે ગટર લાઈનની ઉપર રોડના વરસાદી પાણી માટે મુકવામાં આવેલ ચેમ્બર નાનો હોલ માંથી ગટર લાઈન ઉભરાઈને ગટરનું પાણી આખા રોડ ઉપર રેલમછેલ થાય છે. જેના કારણે બાઈક ચાલોકો અને રાહદારીઓ હેરાન પરેશાન થાય છે. ગટરનું પાણી હાઈવે રોડ ઉપર રેલમછેલ થતા બાઈક ચાલકો પાસે થી પસાર થતી બસ ટ્રક જેવા મોટા વાહનોના કારણે ગટરના પાણીના છાંટા આજુબાજુના રહીશો રાહદારીઓ અને બાઈક ચાલકના ઉપર પાણીના છાંટા ઉડવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. જેના કારણે સ્થાનિક રહીશોની માંગ ઉઠી છે કે ખેડા ફળીયા રોડ બન્ને સાઈડ થી પસાર થતી ગટર લાઈનનું પાણી નદીમાં નિકાલ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. જેથી હવે જોવાનું એ રહયું કે, એલ એન્ડ ટીના જવાબદાર અધિકારીઓ કયારે નિકાલ કરશે અને કયારે ખેડા ફળીયાના રહીશોને રાહત મળશે તે હવે આવનારો સમયજ બતાવશે તે હવે જોવાનું રહયું.

## ગોધરા ગેની પ્લોટ મેશરી નદીના પટમાં જુગાર રમતા ૪ જુગારીયાને ૬૪ હજરના મુદ્દામાલ સાથે ઝડપ્યા

ગોધરા,

ગોધરા શહેર ગેની પ્લોટ પાસે મેશરી નદીના પટમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૪ જુગારીયાને ૬૪,૪૯૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે મુખ્ય આરોપી નહી મળી આવતાં વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર ગેની પ્લોટ પાસે મેશરી નદીના પટમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન સિદ્દીક ઈશાક મીઠા, કામસન હનીફ છકડા, ભાવેશ અશોભાઈ રાણા, ચિરાણ રસીકભાઈ ભોઈને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતીમાં રૂપીયા ૩૫,૩૯૦/- દાવ ઉપર મુકેલ ૯,૦૦૦/-રૂપીયા મોબાઈલ નંગ-૪ વાહનની બેટરી, પાણીનો જગ, ખુરશી મળી ૬૪,૪૯૦/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. જ્યારે જુગાર ચલાવનાર મુખ્ય આરોપી મહંમદ રફીક અબ્દુલ સમોલ બદામ સ્થળ ઉપર મળી નહીં આવતાં વોન્ટેડ જાહેર કરી આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ગુનો નોંધાવામાં આવ્યો.

## ઘોઘંબા રાજગઢ પોલીસ મથકના પશુધારા અને મારપીટના આરોપીને પાસા હેઠળ કચ્છ-ભુજ મોકલી અપાયો



ઘોઘંબા,

ઘોઘંબામ તાલુકાના રાજગઢ પોલીસ મથકના પશુધારા અને મારામારીના ગુનામાં સંડોવાયેલા આરોપી માથાભારે હોય પાસા હેઠળ ઝડપી પાડી મધ્યસ્થ જેલ કચ્છ-ભુજ મોકલી આપવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ રાજગઢ પોલીસ મથકના પશુધારા ગુનામાં તેમજ મારામારી જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલ આરોપી મુન્નજીર મુખ્તયાર મકરાણી (રહે. દરગાહ પાસે, રાજગઢ પાલ્લા, ઘોઘંબા) સામાન્ય લોકો ઉપર હથિયાર સાથે હુમલો કરી સમાજમાં ભયનું વાતાવરણ પેદા કરી લોકો સાથે મારપીટ કરતાં હોય માથાભારે અને ઝનુની સ્વભાવનો આરોપી વિરૂદ્ધ જીલ્લા મજેસ્ટેટ પંચમહાલને પાસાની દરખાસ્ત મંજુર કરતાં રાજગઢ પોલીસે આરોપી મુન્નજીર મકરાણીને પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ કચ્છ- ભુજ મોકલી આપવામાં આવ્યો.

## ગોધરા તાલુકાના ચિખોદ્રાની નોંધ નં.૨ એકર-૧૨૨૧, ગુંઠા-૧૫ વાળી જમીન રામજી મંદિર ટ્રસ્ટની હોય તેના માટે રાજય સરકાર ઘટતી કાર્યવાહી કરશે ખરી...?

પંચમહાલ સમાચાર/ગોધરા,

ગોધરાના ચિખોદ્રાની નોંધ નં.૨ વાળી જમીનો એકર-૧૨૨૧ ગુંઠા-૧૫ આકાર-૮૩૩ વાળીમાં જે રામજી મંદિરની આવેલી છે. જે રેકર્ડ ઓફ રાઈટસ વહીવટી વ્યવહારોની નોંધ ગુજરાત સરકારના આદેશો અનુસારની જે બાબતે ગુજરાત રાજય મહેસુલ વિભાગના નં. આર.ડી.એસ.૧૦૬૯-૧૨૯૪૬૩/૪-તા.૨૯/૧૧/૧૯૬૯ તથા વખતો વખતના ઠરાવો પરિપત્રો હોવા છતાં રામજી મંદિરના વહીવટદારની જાણ બહાર ચિખોદ્રાની નોંધ નં.૨ વાળી મોટા પ્રમાણની જમીનો જે એકર-૧૨૨૧, ગુંઠા-૧૫ વાળી જમીનો લધુમતી કોમના ઈસમોને પધરાવી દેવામાં આવેલ છે. જેથી હિન્દુ કોમની લાગણીઓ દુભાઈ છે. પંચમહાલ જીલ્લા કલેકટરના મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા ગુ.સ.મહેસુલ વિભાગના નં. હકપ ૧૯૭૭-૧૨૧૧૧૭/૪ સચિવાલય ગાંધીનગર ૨૮/૧/૧૯૮૦ તથા વખતો વખતના પરિપત્રો વિષય અંગે હકક પત્રકની ચકાસણી કર્યા વગર તથા ચેરીટી કમિશ્નરના તેમજ રામજી મંદિર નોંધ નં.૨ની વિગતો જોયા વગર સુધાર હુકમો ખોટા દસ્તાવેજો ખોટી એન.એ.ની પરમીશન આપી હિન્દુ કોમના ઈસમો દ્વારા લધુમતી કોમના ઈસમોને દાનની મિલ્કતો મોટા પ્રમાણમાં કરી કરાવી આપેલ છે. અને નોંધ નં.૨ માં રેકર્ડ ઓફ રાઈટસ નજરે જોતાં સ્પષ્ટ રીતે રેકર્ડ નોંધ નં.૨માં તારીખના ફેરફાર કરેલાની વિગતો જણાય આવે છે. આમ, રામજી મંદિરની એકર-૧૨૨૧, ગુંઠા-૧૫, આકાર-૮૩૩ વાળી જમીનો બદલ ખોટી રીતે રેકર્ડી ગેરરીતિઓ કરેલ છે. અને સરકારની જોગવાઈ નોંધ મંજુર કરતા તલાટીઓ પાસેથી પુરી વિગતો માંગવામાં આવે છે અને સર્કલો દ્વારા મંજુર તથા સુધારા તેમજ એન.એ.પુરેપુરી ચકાસણી કર્યા મંજુર થાય છે. પરંતુ ગોધરાના દલાલો, એજન્ટો, બિલ્ડરો તથા સરકારી સ્ટોરના સંચાલકો દ્વારા મોટા પ્રમાણની લાંચ રૂશ્વતો લઈ અનેક પ્રકારની મિલ્કતોમાં તેમજ દાનવાળી મિલ્કતોના રેકર્ડની ચકાસણી કર્યા વગર અને નોંધ નં.૨ની રામજી મંદિરની વહીવટોના ધ્યાન બહાર કરોડો.....ખરબોની ગોધરાના ચિખોદ્રાના સર્વે નંબરની નોંધ નં.૨, એકર-૧૨૨૧, ગુંઠા-૧૫ વાળી લધુમતિ કોમના ઈસમોએ તથા હિન્દુ કોમના કર્મચારીઓ, અધિકારીઓએ સાથે મળી લાંબી લાંબી લાંચો લઈ અમુક જ ઈસમોને મોટા પ્રમાણની મિલ્કતો પધરાવી દેવામાં આવેલ છે. જે તપાસ દરમિયાન નિકળી આવે તેમ છે. કેટલી બરોડા હાઈવે રોડ ઉપર ધાર્મિક મંદિરો બાંધવાના બદલે લઘુમતિ કોમ દ્વારા મોટા મોટા ઉદ્યોગો તથા ગોડાઉનો, પેટ્રોલ પંપો વિગેરે વિગેરે વાણિજય હેતુ કરી કરાવી ચિખોદ્રાની નોંધ નં.૨ એકર-૧૨૨૧, ગુંઠા-૧૫, આકાર-૮૩૩ વાળી મિલ્કતો પોતાની સમજી હાલ તેઓ અઢળક નાણાં કમાય છે. જે રાજય સરકારના આદેશો કોઈપણ ટ્રસ્ટની મિલ્કતો બાબતે ગુજરાતના કલેકટરોને મહેસુલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા આ બાબતે સુચનાઓ અંગેની પણ રાજય સરકાર દ્વારા સમીક્ષા કરેલ છે. જેથી હિન્દુ કોમની ટ્રસ્ટની જમીનો પોતાની હોય તો જીલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટ આ બાબતે યોગ્ય રામજી મંદિરોને પરત કરશે કે કેમ તે હવે હિન્દુ સમાજની આશાઓ છે.



ગોધરા બી.એ.પી.એસ. સ્વામી નારાયણ મંદિર ખાતે સંત સંમેલન યોજવામાં આવ્યું. પ્રમુખ સ્વામીના જન્મ શતાબ્દી મહોત્સવ અંતર્ગત સંત સંમેલન યોજવામાં આવ્યું હતું. ગોધરા બી.એ.પી.એસ. સ્વામી નારાયણ મંદિર ખાતે પ્રમુખ સ્વામી મહારાજના જન્મ શતાબ્દી મહોત્સવ અંતર્ગત સંત સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંત સંમેલનમાં પંચમહાલ, દાહોદ અને મહિસાગર જીલ્લાના ૫૦ ઉપરાંત સંતો ઉપસ્થિત રહ્યા હતા અને સંતો અને હરિભકતો દ્વારા પ્રમુખ સ્વામી મહારાજને ભાવાંજલિ અર્પણ કરી હતી.



આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે દેશપ્રેમથી રંગાયેલ ગોધરાની સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરા ખાતે તિરંગા યાત્રા યોજાઈ ગઈ કોલેજના પ્રિન્સિપાલ ડો.અરૂણસિંહ સહિત સ્ટાફ દ્વારા આ રેલીમાં ભારત માતાકી જયના જયનાદ સાથે રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. દેશ પ્રેમના માહોલમાં વિદ્યાર્થીઓએ ખાસ કરીને એનએસએસના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ થી આ રેલીમાં ભારત માતાનો જય જયકાર કરાવ્યો હતો.